Promoting Green Technology

અધ્યક્ષ

# ડૉ. જે. એન. સિંહ, આઈ.એ.એસ.નું

નિવેદન

# ૪૩મી વાર્ષિક સામાન્ય સભા

ગુરૂવાર, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬

બપોરે ૩.૦૦ કલાકે

Stronger Smarter Swifter



સ્થળઃ

**ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ**

પી. ઓ. પેટ્રોકેમિકલ્સ-૩૯૧ ૩૪૬, જિલ્લો : વડોદરા.

## શેરહોલ્ડર ભાઈઓ તથા બહેનો,

આપણી કંપનીની ૪૩મી વાર્ષિક સામાન્ય સભામાં હું આપ સૌનું હાર્દિક સ્વાગત કરૂં છું. વર્ષ ૨૦૧૫-૧૬ના ઓડિટ થયેલા નાણાંકીય પરિણામો અને બોર્ડનો અહેવાલ આપની પાસે છે, જે આપની અનુમતિથી હું વાંચી લીધેલા ગણી લઉં છું.

## અર્થતંત્ર પર એક નજર

ભારતીય અર્થતંત્ર ગત નાણાંકીય વર્ષના ૭.૩ ટકાની તુલનામાં વધીને નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૭.૬ ટકાના પાંચ વર્ષના સૌથી વધુ વિકાસ દર સાથે ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકે ઊભરી આવ્યું છે. જીડીપી વિકાસ ૨૦૧૫-૧૬ના ચોથા ક્વાર્ટરમાં ૭.૯ ટકા પર પહોંચ્યો જે ૮ ટકા ના લક્ષ્યની એકદમ નજીક છે. આ દર્શાવે છે કે ભારતીય અર્થતંત્ર હવે ઉચ્ચ વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. સરકાર દ્વારા છેલ્લા બે-ત્રણ વર્ષમાં લેવાયેલા પગલાં હવે પરિણામો દર્શાવી રહ્યાં છે. સેન્ટ્રલ સ્ટેટેસ્ટિક્સ ઓફિસ (સીએસઓ) દ્વારા રજૂ કરાયેલ આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના ચોથા ક્વાર્ટર દરમિયાન ઉત્પાદન અને કૃષિ ક્ષેત્રે ક્રમશઃ ૯.૩ ટકા અને ૨.૩ ટકા જેટલો વિકાસ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં મજબૂત અર્થતંત્ર, હકારાત્મક ધંધાકિય પરીબળો, સારા વરસાદની આશા તથા વિકાસ અનુલક્ષી આર્થિક નીતિઓના કારણે વિકાસ દર ૮ ટકા થવાની અપેક્ષા છે. ભારતનું સંતુલિત અર્થતંત્ર અને મજબૂત વિકાસ સંભાવનાઓ તેને વૈશ્વિક પરિદૃશ્યમાં ચળકતા બિંદુ તરીકે ઉપસાવી શકે છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન, કૃષિ તથા તેને સંબંધિત ક્ષેત્રનો ગ્રોસ વેલ્યુ એડિશન (એકંદર મુલ્ય વૃધ્ધિ) (GVA) વિકાસ ૧.૨૫ ટકા રહ્યો હતો, એવી જ રીતે ઔદ્યોગિક ક્ષેત્રમાં ૭.૪ ટકા તથા સેવા ક્ષેત્રે ૮.૯૨ ટકા ના દરે વિકાસ પ્રાપ્ત કર્યો હતો. ઉત્પાદન ક્ષેત્રે નોંધનીય વિકાસ દર ૯.૩ ટકા પ્રાપ્ત થયો હતો. ભારતે ફાઈનાન્સિયલ, રિયલ એસ્ટેટ અને પ્રોફેશનલ સેવાઓના ક્ષેત્રે ૧૦.૩ ટકા જેટલો સૌથી વધુ વિકાસ પ્રાપ્ત કર્યો હતો અને એગ્રીકલ્ચર, ફોરેસ્ટ્રી અને ફિશીંગ સેક્ટરમાં ૧.૨ ટકા ના દરે વિકાસ નોંધાવ્યો હતો.

આઈએમએફ વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂક (એપ્રિલ-૨૦૧૬) અનુસાર ભારતમાં વિકાસદર ૨૦૧૫માં ૭.૩૩૬ ટકા હતો અને ભારત વિશ્વનું ૯મું ઝડપી વિકાસ પામતું રાષ્ટ્ર હતું. ભારત ૨૦૧૪માં, ૭.૨૪૪ ટકાના જીડીપી વિકાસ દર સાથે વિશ્વમાં ૧૪મું સૌથી ઝડપી વિકસતું રાષ્ટ્ર બન્યુ. આમ, એક વર્ષના ગાળામાં જ ભારતીય અર્થતંત્રએ વિશ્વસ્તરે પાંચ કદમ જેવી લાંબી હરણફાળ ભરી છે.

ભારતીય અર્થતંત્રના લાંબા ગાળાના વિકાસની સંભાવના હકારાત્મક છે કેમ કે તે યુવા જનસંખ્યા ધરાવે છે. આ ઉપરાંત ભારતીય અર્થતંત્ર કોરસપોન્ડિંગ લો ડિપેન્ડન્સી રેશિયો, સારી બચત અને રોકાણનો પ્રવાહ અને  વૈશ્વિક અર્થતંત્રમાં એકીકરણ જેવા મજબૂત પરીબળો પણ ધરાવે છે. ઈન્ડિયન ક્લોર-આલ્કલી માર્કેટ ફોરકાસ્ટ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ, ૨૦૧૯ અનુસાર ભારતમાં ક્લોર-આલ્કલીનાં બજારનો વાર્ષિક વિકાસ દર (સીએજીઆર) ૭ ટકા જેટલો રહેશે. દેશના પશ્ચિમ અને ઉત્તરીય પ્રદેશોમાં બજાર વિસ્તરણની શક્યતાઓ વધારે છે.

## ગુજરાત અન્ય રાજ્યો માટે રોલ મોડેલ (ઉદાહરણરૂપ)

ગુજરાત એક એવું રાજ્ય છે જે સફળ, પ્રગતિકારક અને બધાજ  ક્ષેત્રે વિકાસ માટે સમગ્ર દેશમાં ઉદાહરણરૂપ બન્યું છે. ગુજરાત તેની ઔદ્યોગિક સાહસિકતા અને વાઈબ્રન્સી માટે જાણીતું છે. રોકાણકારોનો ગુજરાતમાં રોકાણ માટેનો વિશ્વાસ અનેકગણો વધ્યો છે, જેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોકાણકારો સામેલ છે. આપણું રાજ્ય, ઉદ્યોગો અને કૃષિ માટે પર્યાપ્ત ઊર્જા અને માળખાગત સુવિધાઓ પુરી પાડે છે. ગુજરાત કેમિકલ હબ અને પેટ્રો-કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ સહિત નોંધપાત્ર ઔદ્યોગિક પરિસીમા ધરાવે છે જેનાથી ગુજરાત દેશના અર્થતંત્રમાં સૌથી વિશાળ યોગદાન આપનાર રાજ્ય બન્યું છે.

ગુજરાત રાજ્ય પોતાના પ્રગતિકારક વિચારો, સક્રિય અને  વિવેકપૂર્ણ આયોજન તથા તેના અમલીકરણને કારણે સર્વાંગી વિકાસ સાથે આર્થિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતી તરફ વધી રહ્યું છે. ભારતીય અર્થતંત્ર  વૈશ્વિક મંદી જેવા પ્રતીકુળ સંજોગોમાં પણ મજબૂત રીતે વિકાસ કરી રહ્યું છે જેમાં ગુજરાત અગત્યની ભૂમિકા અદા  કરી રહ્યું છે. ભારતના ઝડપથી બદલાતા પરિદશ્ય સાથે તાલ મેળવવા ગુજરાત હંમેશ અગ્રિમ ક્ક્ષાએ રહ્યું છે. ગુજરાતની ધંધાકિય ઔદ્યોગિક નીતિ સક્ષમ, સાતત્યપૂર્ણ અને સર્વાંગી પ્રગતિને અનુલક્ષીને બનાવાઈ છે. આ તમામ પ્રયાસોથી મને આશા છે કે આપણા માનનીય વડાપ્રધાનશ્રીના "મેઈક ઈન ઈન્ડિયા" ના ધ્યેયને પ્રાપ્ત કરવા, ગુજરાત અન્ય રાજ્યોને ઉદાહરણ પુરું પાડશે.

## જીએસીએલની કામગીરી

આપની કંપની ભારતમાં કોસ્ટિક સોડાના સૌથી વિશાળ ઉત્પાદકોમાંની એક કંપની તરીકે વર્ષોથી ઊભરી આવી છે. હાલમાં તેની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા કોસ્ટિક સોડા માટે પ્રતિ વર્ષ ૪,૨૯,૦૫૦ મેટ્રિક ટનની છે અને આપની કંપની સક્ષમ આર્થિક સ્તર ધરાવે છે. કંપની રાષ્ટ્રીય ક્લોર-આલ્કલી બજારમાં ૧૪ ટકાનો હિસ્સો ધરાવે છે.

કંપની સમયાંતરે ક્લોર-આલ્કલી ક્ષેત્રે પોતાની કામગીરીનું વિસ્તરણ કરતી આવી છે અને સાથે-સાથે નવા ઉત્પાદનોમાં પણ વિવિધતા લાવી રહી છે જેમાં ફોરવર્ડ અને બેકવર્ડ ઈન્ટિગ્રેશનનો સમાવેશ થાય છે. હાલમાં કંપનીની ઉત્પાદન શ્રેણીમાં કુલ ૩૬ જેટલા ઉત્પાદનોનો સમાવેશ થાય છે. કંપનીના ઉત્પાદનો ભારતમાં તેમજ વિદેશોમાં વિવિધ ઉદ્યોગો દ્વારા ઉપયોગમાં લેવાય છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન કોસ્ટિક સોડા પ્લાન્ટમાં ૯૦% ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરી આપની કંપનીએ પર્યાવરણને સાનુકૂળ અને હરિત ટેકનોલોજી અપગ્રેડેશન અને તેનો સ્વીકાર સુનિશ્ચિત કરેલ છે. કંપનીએ વડોદરા સંકુલ ખાતે કોસ્ટિક સોડા, ક્લોરોમિથેન્સ, હાઈડ્રોજન પેરોક્સાઈડ, કોસ્ટિક પોટાશ અને દહેજ સંકુલ ખાતે ફોસ્ફોરિક એસિડ, હાઈડ્રોજન પેરોક્સાઈડ, એલ્યુમિનિયમ ક્લોરાઈડની ૧૦૦ ટકા કે તેથી વધારેની ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરી છે. ઈલેક્ટ્રોલિસીસ પદ્ધતિથી કોસ્ટિક સોડાનું ઉત્પાદન પાવર આધારિત છે અને કંપનીએ તેની વધારાની ઊર્જાની જરૂરીયાતને પહોંચી વળવા લાંબા ગાળાની વ્યૂહનીતિ આપનાવેલ છે. કંપનીએ અત્યાર સુધીમાં ગુજરાતમાં વિવિધ જગ્યાએ પવનચક્કિઓ સ્થાપીને હરિત ઊર્જા માટે મોટા કદમ ઉઠાવ્યા છે. કંપની નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન બીજો એક વધારે વિન્ડ ફાર્મ પ્રોજેક્ટ સ્થાપવાની પ્રક્રિયામાં છે. કંપની પર્યાવરણને સાનુકૂળ, લાંબા ગાળા માટે પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોના વિકલ્પો દ્વારા તેની ઊર્જાની જરૂરીયાતો પૂરી કરવાનો હેતુ ધરાવે છે. કંપની ચાલુ વર્ષે ૧૫ મેગાવોટ સોલાર પાવર જનરેશન યુનિટ સ્થાપવાનું પણ વિચારી રહી છે અને તેના ઉત્પાદનો માટે સોલાર એનર્જીનો વિકાસ અને ઉપયોગ કરવા ઈચ્છે છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ એ ક્લોર-આલ્કલી ક્ષેત્રે પડકારરૂપ રહ્યું હતું. નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ના મોટાભાગના સમયમાં આયાતના કારણે કોસ્ટિક સોડાની કિંમતો દબાણ હેઠળ રહી હતી. જો કે કંપની દેશભરના તેના સુવ્યવસ્થિત વહેંચણીનું માળખું, ઉત્કૃષ્ટ કામગીરી, ઉચ્ચ કાર્યક્ષમતા અને સુવ્યવસ્થિત ધંધાકિય નીતિના કારણે ગળાકાપ સ્પર્ધામાં ટકી રહેવા સક્ષમ રહી હતી.

આપની કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન વડોદરા સંકુલ ખાતે કોસ્ટિક સોડા લાઈનું સૌથી વધુ ઉત્પાદન અને દહેજ સંકુલ ખાતે હાઈડ્રોજન પેરોક્સાઈડ (૧૦૦ ટકા), પોલી એલ્યમિનિયમ ક્લોરાઈડ (પીએસી-૧૮), પોલી એલ્યુમિનિયમ ક્લોરાઈડ પાઉડર (પીએસી-૩૦), એનહાઈડ્રસ એલ્યુમિનિયમ ક્લોરાઈડ, સ્ટેબલ બ્લીચીંગ પાઉડર અને સોડિયમ ક્લોરેટનું સૌથી વધુ ઉત્પાદન હાંસલ કર્યું હતું.

## કંપનીની નાણાંકીય કામગીરી

આપને જણાવતા મને આનંદ થાય છે કે આપની કંપનીએ વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ઉત્કૃષ્ટ નાણાંકીય દેખાવ કર્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન, આપની કંપનીએ ગત નાણાંકીય વર્ષની સરખામણીએ ફરીથી સૌથી વધુ વેચાણ હાંસલ કર્યું છે અને ગત વર્ષના રૂા. ૨,૧૫૭ કરોડના વેચાણની સામે રૂા. ૨,૧૭૯ કરોડનું સૌથી વધુ વેચાણ હાંસલ કરેલ છે.

ગળાકાપ સ્પર્ધા, બજારની પ્રતીકુળ પરિસ્થિતિઓ અને રૂપિયાના અવમુલ્યન પછી પણ આપની કંપની ગત વર્ષના રૂા. ૩૨૩ કરોડ્ના કુલ નફાની સરખામણીએ રૂા. ૩૮૦ કરોડનો કુલ નફો કરી શકી છે.

આપની કંપનીએ ગત વર્ષના રૂા. ૨૧૫ કરોડના કરવેરા પહેલાના નફાની સરખામણીએ વર્ષ દરમિયાન રૂા. ૨૬૫ કરોડનો નફો પ્રાપ્ત કર્યો છે અને કરવેરા પછીનો નફો ગત વર્ષના રૂા. ૨૨૮ કરોડની સરખામણીએ રૂા. ૨૨૨ કરોડનો પ્રાપ્ત કરેલ છે.

ગત વર્ષના રૂા. ૩૧.૦૩ની શેર દીઠ કમાણીની સામે, નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં રૂા. ૩૦.૧૮ની શેરદીઠ કમાણી કરી છે.

શેરની ચોપડે કિંમત (બુક વેલ્યુ)ગત વર્ષના રૂા. ૨૮૬ પ્રતિ શેરની સામે આ વર્ષે રૂા. ૩૦૮ પ્રતિ શેરની થઈ છે. જે શેર દીઠ રૂા. ૨૨ નો વધારો દર્શાવે છે.

આપની કંપની વર્ષ દરમિયાન, ખર્ચ નિયંત્રણ, ઉત્પાદનની કિંમતો પર સતત દેખરેખ અને તેની સમીક્ષા તેમજ અન્ય જરૂરી પગલાંઓને કારણે સારા પરિણામો હાંસલ કરી શકી છે. આપણે ચાલુ નાણાંકીય વર્ષમાં પણ ખર્ચ નિયંત્રણ કરવાનુ ચાલુ રાખ્યુ છે.

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં આપની કંપનીએ તા. ૩૦મી જૂન, ૨૦૧૬ના રોજ પૂરા થયેલા પ્રથમ ત્રિમાસિક સમયમાં, ગત વર્ષના એ જ સમયના રૂા. ૪૭૨.૫૬ કરોડના એક્સાઈઝ ડ્યુટી બાદ કર્યા પછીના વેચાણની સામે રૂા. ૫૧૫.૩૮ કરોડનું વેચાણ હાંસલ કરેલ છે. આપની કંપનીએ ગત વર્ષના આ જ ત્રિમાસિક ગાળામાં કરવેરા પહેલાંનો નફો રૂા. ૫૬.૮૪ કરોડનો નોંધાવેલ હતો જે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રથમ ત્રિમાસિક સમય ગાળામાં રૂા. ૧૧૧.૯૮ કરોડનો હાંસલ કરેલ છે. જ્યારે કરવેરા પછીનો નફો ગત વર્ષના આ જ સમયગાળામાં રૂા. ૪૪.૨૧ કરોડનો નોંધાયેલ હતો તેની સરખામણીએ આ જ ત્રિમાસિક સમયગાળામાં રૂા. ૮૬.૨૬ કરોડનો નફો હાંસલ કરેલ છે.

## ડિવિડન્ડ

આપની કંપનીના ડિરેક્ટરોને જણાવતાં આનંદ થાય છે કે રૂા. ૧૦નો એક એવા સંપૂર્ણ ભરપાઈ થયેલા ૭,૩૪,૩૬,૯૨૮ ઇક્વીટી શેરો પર તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬ના રોજ પૂરા થયેલ નાણાંકિય વર્ષ માટેનું શેર દીઠ રૂા. ૪.૫૦ એટલે કે ૪૫%ડિવિડન્ડ આપવાની આપના ડિરેક્ટરો ભલામણ કરે છે.

## બજાર વ્યવસ્થા

આપની કંપનીની ઉત્પાદન શ્રેણીમાં વિવિધ ૩૬ જેટલા ઉત્પાદનોનો સમાવેશ થાય છે જેમાં મુખ્યત્વે કોસ્ટિક સોડાનાં ઉત્પાદન જૂથમાંથી આવક થાય છે તેથી કોસ્ટિક સોડા અને ક્લોરિનના બજારની પરિસ્થિતિની કંપનીની કામગીરી ઉપર બહોળી અસર પડે છે. કંપનીએ તેની હાલની ઉત્પાદન શ્રેણી સાથે સુસંગત થાય એ રીતે આગળના ઉત્પાદનોનું સંકલન સાધીને પોતાની ઉત્પાદન શ્રેણીનું વિસ્તરણ કરવાનું ચાલુ રાખ્યું છે. કંપની હાલની ઉત્પાદન શ્રેણીની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરીને વધુ વિકાસ કરવાનું આયોજન પણ કરી રહી છે.

કંપનીએ ઇન્ડીયન ઇસ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેકનોલોજી(IICT) હૈદરાબાદના સહયોગથી હાઈડ્રોજન પેરોક્સાઇડનો કાચા માલ તરીકે ઉપયોગ કરીને આયાતની અવેજીરૂપ "હાઈડ્રાઝાઈન હાઈડ્રેટ" ની ઉત્પાદન ક્ષમતા ઘરઆંગણે સફળતાપૂર્વક વિકસાવી છે.

ખુબજ ઓછી કિંમતે વિવિધ ઉત્પાદનોના ભારતમાં બહોળા પ્રમાણમાં થતા આયાત (ડમ્પિંગ)ને કારણે આપની કંપની સતત પ્રતીકુળ પરિસ્થિતિનો સામનો કરી રહી છે. જેનાથી કંપનીની ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ તથા ઉત્પાદનોની કિંમતો પર પ્રતીકુળ અસર થાય છે, આ માટે કંપની ડબલ્યુટીઓ માર્ગદર્શિકાઓ અંતર્ગત એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાદવાના સુધારાત્મક પગલાં લેવા માટે સક્રિય પ્રયાસ કરે  છે.

આપની કંપનીએ રેલ માર્ગ તથા દરીયાઇ માર્ગ દ્વારા નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (NALCO) ને "કોસ્ટિક સોડા લાઈ" દહેજ (ગુજરાત) થી દમણજોડી (ઓરીસ્સા) સુધી સપ્લાય કરવાનાં વ્યૂહાત્મક પગલાં લીધાં છે. આથી કંપનીને તેની મહત્તમ ઉત્પાદન તેમજ નફાકારક્તા હાંસલ કરવામાં મદદ મળી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં અંદાજે ૧૧,૦૦૦ મેટ્રીક ટન કોસ્ટીક સોડા નાલ્કોને મોકલાવેલ છે.

આપની કંપનીએ વિવિધ વ્યૂહાત્મક સ્થળોએ "વેચાણ મથકો" ઊભા કર્યા છે અને તેની મદદથી ભારતના દૂરગામી વિસ્તારોમાં અને હજી જેમના સુધી આપણી સેવાઓ પહોંચી નથી તેવા ગ્રાહકો સુધી પહોંચવા વધારાનાં નવાં વેચાણ મથકોને કાર્યરત કરવામાં આવ્યા છે.

આપની કંપનીએ આયાત દ્વારા તથા અન્ય ઉત્પાદકો પાસેથી "ટ્રેડિંગ એક્ટિવિટીઝ" હેઠળ "કોસ્ટિક સોડા લાઈ અને ફ્લેક્સ" મેળવવાનું શરૂ કર્યું છે અને આ કાર્યવાહી હેઠળ આપણા વર્તમાન ગ્રાહકોને અંદાજે ૮,૭૫૦ મેટ્રીક ટનનું વેચાણ કર્યું છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન, આપની કંપનીએ સોડિયમ ક્લોરેટ, પોલિ એલ્યુમિનિયમ ક્લોરાઈડ, હાઈડ્રોજન પેરોક્સાઈડ (૧૦૦ ટકા) અને ક્લોરો-ટોલ્યુન પ્રોડક્ટ્સનું અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ કર્યું છે. વિવિધ બજારમાં સતત ધ્યાન કેન્દ્રીત કરી આપની કંપની તેના તમામ મહત્ત્વના ઉત્પાદનો જેવા કે કોસ્ટિક સોડા ગ્રૂપ, કોસ્ટિક પોટાશ ગ્રૂપ, ક્લોરો ટોલ્યુન ગ્રૂપ, હાયડ્રોક્લોરિક એસિડ, હાયડ્રોજન પેરોક્સાઈડ, એલ્યુમિનિયમ ક્લોરાઈડ, પોલી એલ્યુમિનિયમ, સ્ટેબલ બ્લીચિંગ પાવડર અને સોડિયમ ક્લોરેટમાં વેચાણ વધારી શકી છે.

## ખર્ચ નિયંત્રણ માટેનાં પગલાં

આપની કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન કાચો માલ સામાન અને અન્ય વપરાશી વસ્તુઓનું ખર્ચ નિયંત્રણ કરવા માટે નીચે મુજબના અસરકારક પગલાં લીધાં છે અને તે વર્તમાન નાણાંકિય વર્ષમાં પણ આ પગલાઓ ચાલુ રાખવામાં આવ્યા છે. આમાંથી કેટલાંક પગલાંની હું આપને માહિતી આપું છું :

૧. ઈ-પ્રોક્યોરમેન્ટ : આપની કંપનીએ વિવિધ ખરીદીઓ અને અન્ય સર્વિસ કોન્ટ્રેક્ટ કરવા માટે ઈ-ટેન્ડર અને રિવર્સ ઓક્શન પધ્ધતિ અપનાવી છે. આ પ્રક્રિયામાં પારદર્શિતા અને સ્વસ્થ સ્પર્ધાને કારણે આપની કંપનીને નાણાંકિય વર્ષ દરમિયાન ખરીદ કિંમતોમાં સારા એવા ઘટાડાનો લાભ મળી શક્યો છે.

૨. એલ્યુમિનિયમની આંતરરાષ્ટ્રિય કિંમતોમાં ઘટાડાના વલણનો લાભ મેળવવા માટે આપની કંપનીએ લંડન મેટલ એક્સચેન્જ (એલએમઈ) ચેનલ દ્વારા પ્રાયમરી એલ્યુમિનિયમ ઈન્ગોટસના જથ્થાની ખરીદી કરી છે જેના કારણે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સની ખરીદ કિંમતમાં ઘટાડો થયો છે. એલ્યુમિનિયમ ક્લોરાઈડના ઉત્પાદન માટે આ એક મહત્ત્વની કાચી સામગ્રી છે.

૩. આપની કંપનીએ ઊંચા મૂલ્યની કાચી સામગ્રી, રસાયણો અને એન્જિનિયરીંગ વસ્તુઓનો સ્ટોક ઓછો કરવાનાં પગલાં લીધાં છે જેથી ઈન્વેટરી કેરિંગ કોસ્ટ ઘટાડી શકાઈ છે.

## વિસ્તરણ અને નવી યોજનાઓ

આપને જણાવતા મને આનંદ થાય છે કે વિકાસની યોજનાઓના ભાગરૂપે કંપનીએ "વિઝન-૨૦૨૦-૨૧" વિકસાવ્યું છે જેમાં કંપનીનું કુલ વેચાણ અને નફાકારકતા ૨૦૨૦-૨૧ના નાણાંકિય વર્ષ સુધીમાં નોંધપાત્ર રીતે વધારવા માટે વિવિધ યોજનાઓ હાથ ધરવામાં આવી રહી છે.

આમાંની કેટલીક યોજનાઓ અમલના વિવિધ તબક્કે પહોંચી ગઈ છે. જેમાં ડી-બોટલનેકિંગ દ્વારા હાલની ઉત્પાદન શ્રેણીનું વિસ્તરણ, નવા ઉત્પાદન એકમો દ્વારા વર્તમાન ઉત્પાદનની નવી ક્ષમતાઓ ઉમેરવી, ફોરવર્ડ ઈન્ટીગ્રેશન દ્વારા નવી પ્રોડક્ટ્સ રજૂ કરવી વગેરે યોજનાઓનો સમાવેશ થાય છે.

કંપનીના વડોદરા સંકુલ ખાતેનાં ક્લોરોમિથેનનાં ઉત્પાદન એકમને પ્રતિદિન ૧૧૦ ટનથી પ્રતિદિન ૧૭૦ ટનની ઉત્પાદન ક્ષમતા સુધી વિસ્તારવામાં આવી રહ્યો છે તેમજ પોટેશિયમ હાઈડ્રોક્સાઈડ પ્લાન્ટને પ્રતિદિન ૬૦ ટનથી પ્રતિદિન ૧૨૦ ટનની ઉત્પાદન ક્ષમતા સુધી વિસ્તારવામાં આવી રહ્યો છે. દહેજ સંકુલ ખાતે ફૂડ ગ્રેડ ફોસ્ફરિક એસિડ અને હાઈડ્રોજન પેરોક્સાઈડના ઉત્પાદન માટે નવા ઉત્પાદન એકમો સ્થાપવામાં આવશે. દહેજ ખાતે ક્લોરીનના વધારે સારા  ઉપયોગ માટે એક નવો ક્લોરોમિથેન્સ પ્લાન્ટ સ્થાપવાનું પણ  વિચારી રહ્યા છીએ.

ફાર્માસ્યુટિકલ્સ, કોસ્મેટિક્સ અને પર્સનલ કેર, લિક્વિડ ડિટરજન્ટ, ઈપોક્સિ રેઝિન્સ વગેરેમાં ઉપયોગ ધરાવતા અન્ય મૂલ્ય વર્ધિત ઉત્પાદનો કરવાનું પણ વિચારણા હેઠળ છે જેના માટે યોગ્ય તકનીકીની સહાય મેળવવા માટે આપણે પ્રયત્નો કરી રહ્યા છીએ.

## જીએનએએલ (GNAL) - એક સંયુક્ત સાહસ કંપની

નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (NALCO) જોડે સંયુક્ત સાહસ તરીકે કંપની દહેજ ખાતે કોલસા આધારિત પાવર પ્લાન્ટ સહિત પ્રતિ દિન ૮૦૦ મેટ્રીક ટનનો નવો કોસ્ટિક સોડા પ્લાન્ટ નાંખી રહી છે. આ  માટે આપની કંપનીએ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (NALCO), સાથેના સહયોગથી તા. ૪ થી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ "જીએનએએલ" એટલે કે "જીએસીએલ-નાલ્કો આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ પ્રાઈવેટ લિમીટેડ" નામની એક સંયુક્ત સાહસ કંપનીની સ્થાપના કરી છે. આ પ્લાન્ટમાં ઉત્પન્ન થનાર ક્લોરિનનો યોગ્ય ઉપયોગ કરવા સારૂ, કંપની એક જુદો ક્લોરિન પાર્ક ઉભો કરવાનું આયોજન કરી રહી છે કે જ્યાં ક્લોરિનના વપરાશકારોને ક્લોરિન પાઈપ લાઈન દ્વારા પુરો પાડવામાં આવશે.

## સંશોધન અને વિકાસ

વેપારના પરિવર્તનશીલ વાતાવરણમાં સ્પર્ધાત્મક લાભ મેળવવા માટે આપણી કંપનીની હાલની અને ભવિષ્યની જરૂરીયાતો ધ્યાનમાં રાખીને સંશોધન અને વિકાસની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ કાર્યવાહી હેઠળ નવા ઉત્પાદનો, નવી પ્રક્રિયાઓના વિકાસ, પ્રક્રિયામાં સુધારો, પર્યાવરણને સાનુકૂળ ટેકનોલોજી, ઉત્પાદનની ગુણવત્તા તથા ગ્રાહક સંતોષ પર આપની કંપની ધ્યાન કેન્દ્રિત કરે છે.

સ્વદેશી પર્યાવરણની મૈત્રિપૂર્ણ ટેકનોલોજીને વિકસાવવાની દિશામાં, આપની કંપનીએ ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેકનોલોજી (IICT), હૈદરાબાદના સહયોગથી હાઈડ્રાઝાઈન હાઈડ્રેટનું ઉત્પાદન કરવાની ટેકનોલોજી (તકનીકી) સફળતાપૂર્વક વિકસાવી છે. પ્રતિવર્ષ ૧૦,૦૦૦ ટનની ઉત્પાદન ક્ષમતાવાળા હાઈડ્રાઝાઈન હાઈડ્રેટના વ્યાપારી ધોરણે ઉત્પાદન એકમની ડિઝાઈન બનાવવાનું કામ ચાલુ છે. આ પ્લાન્ટ દહેજ સંકુલ ખાતે સ્થાપવામાં આવશે. પેટન્ટ માટેની અરજી IICT સાથે મળીને દાખલ કરવામાં આવી છે.

આપણા વિવિધ ઉત્પાદન એકમોમાં પેદા થતાં ઘનકચરાનાં ઉપયોગ, આયાત કરવામાં આવતી કાચી સામગ્રીનું પરીક્ષણ, ઉત્પાદન પ્રક્રિયાઓમાં સુધારા, તૈયાર થયેલ ઉત્પાદનોનું પરીક્ષણ તથા આપણે  વિકસાવેલ કુલિંગ વોટર ટ્રીટમેન્ટ રસાયણ વગેરે જેવી બાબતો પર આપણું સંશોધન અને વિકાસ ડિપાર્ટમેન્ટ કામ કરી રહ્યું છે.

## પુનઃપ્રાપ્ય ઊર્જા

નાણાંકિય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ૧૦ મેગાવોટનો વિન્ડફાર્મ પ્રોજેક્ટ કાર્યરત કરવામાં આવ્યો, જેનાથી સ્થાપિત પવન ઊર્જા વધીને ૧૩૫.૭૫ મેગાવોટની થઈ હતી. આ ઉપરાંત બીજો એક ૨૧ મેગાવોટનો વિન્ડફાર્મ પ્રોજેક્ટ તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ કાર્યરત કરવામાં આવ્યો છે જેનાથી સ્થાપિત પવન ઊર્જા ક્ષમતા વધીને ૧૫૬.૭૫ મેગાવોટ થઈ ગઈ છે. ગ્રિન ટેકનોલોજીનો ઉપયોગ ચાલુ રાખી કંપનીએ ચાલુ નાણાંકિય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ૧૪.૭ મેગાવોટનો વધુ એક વિન્ડફાર્મ પ્રોજેક્ટ સ્થાપવાનું હાથ ધર્યું છે. આ પ્રોજેક્ટ પૂરો થયા પછી કંપનીની કુલ પવન ઊર્જા ક્ષમતા વધીને ૧૭૧.૪૫ મેગાવોટની થઈ જશે. આપણે ચાલુ નાણાંકિય વર્ષમાં ૧૫ મેગાવોટનું સોલર પાવર જનરેટીંગ યુનિટ પણ સ્થાપવાનું આયોજન કરી રહ્યા છીએ.

## સુરક્ષા અને પર્યાવરણ

કંપની તેની નીતિ, સિદ્ધાંતો તેમજ સુરક્ષા અને પર્યાવરણને લગતાં વિધાનોનો સતત અમલ કરી રહી છે. કંપનીની ઔદ્યોગિક સ્વાસ્થ્ય, સુરક્ષા અને પર્યાવરણને લગતા સિદ્ધાંતો, આપણી કંપનીના પરિસરની વિશેષ સ્વચ્છતા તેમજ પ્લાન્ટના આરોગ્ય અભિયાન સાથે સંકળાયેલ છે. હરિયાળી પ્રક્રિયાની દિશામાં, આપની કંપનીએ પ્રવાહી  કચરાના લગભગ ૩૫% (૧/૩ભાગ) નો પુનઃ ઉપયોગ કરી યુએસ+આરઓ તકનીકીમાં તેને દાખલ કરવાની એક નવી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે.

## કોર્પોરેટ ગવર્નન્સ

અમે દઢપણે માનીએ છીએ કે કંપનીની કામગીરીને પ્રોત્સાહિત કરવા માટે, મહત્તમ ઉત્પાદકતા હાંસલ કરવા માટે તેમજ હિતધારકોના લાભ જળવાય એ સુનિશ્ચિત કરવા માટેનો આધાર કંપનીના સુદઢ અને કાયક્ષમ વહીવટ પર રહેલો છે. સર્વગ્રાહી વિકાસ માટે જરૂરી એવી સુચારૂ સંસ્થાકીય વહીવટ પધ્ધતિઓનું (Good Corporate Governance) પાલન કરવાનું જીએસીએલ સદાય સુનિશ્ચિત કરે છે જે દ્વારા સંસ્થાકિય વિકાસનો લાભ સમગ્ર સમાજ મેળવી શકે છે.

## સંસ્થાકિય સામાજિક જવાબદારી

આપની કંપનીએ સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરીને માનવ વિકાસ સૂચકઆંક ઊંચે લઈ જવા માટેની તેની સંસ્થાકિય સામાજિક જવાબદારીઓ નિભાવવાનું ચાલું રાખ્યું છે. સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવું તે સામાજિક અને વ્યવસાયીક દ્રષ્ટિકોણથી જીએસીએલ માટે હંમેશા અગ્રતાનો વિષય રહ્યો છે. કંપની તેના ગ્રાહકો, સમાજ તથા રાષ્ટ્રના વિકાસમાં પોતાના ઉત્પાદનો અને સેવાઓ દ્વારા પ્રત્યક્ષ તેમજ તેની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા અને સામાજિક અભિગમથી યોગદાન આપી રહી છે.

## જીએસીએલ ખાતે માનવ સંશાધન

માનવ સંશાધનને લગતી નિતીઓ અને પ્રક્રિયા, પ્રાપ્ય  માનવ સંશાધનનો વધુમાં વધુ ઉપયોગ, આવડતનો વિકાસ અને વિવિધ પ્રકારની આવડત વિકસાવવા માટેઆપણી કંપની કટીબધ્ધ છે.

આ હેતુઓને ધ્યાનમાં રાખીને, વધુમાં વધુ માનવ શક્તિઓનો ઉપયોગ અને તકનીકી પધ્ધતિઓને અપનાવવા માટેનાં જરૂરી પગલાંઓ કંપનીએ લીધા છે. બજારના પડકારોને ધ્યાનમાં રાખીને, જુદી જુદી  આવડત વધારવાને લગતા કાર્યક્રમો અને કામની આંતરિક બદલી દ્વારા માનવશક્તિઓનો અસરકારક ઉપયોગ કરવામાં આવે છે.

ટકાઉ અને નફાકારક વિકાસ માટે યુવાશક્તિને કંપનીમાં સાંકળવામાં આવે છે તથા જાળવી રાખવામાં આવે છે. કંપની સતત ટેકનોલોજીના વિકાસની સાથે આપણાં કર્મચારીઓની નેતૃત્વ ક્ષમતા વિકસાવવા પર ધ્યાન આપી રહી છે. ટેકનોલોજીના વિકાસ અને તેનાથી થતા લાભને ધ્યાનમાં રાખતા આપણે આપણી કામગીરીની કાર્યક્ષમતા વધારવા માટે SAP-HCM (Human Capital Management)  મોડ્યુલનો ઉપયોગ કરી રહ્યા છીએ.

કંપની દ્વારા ઔધોગિક સંબંધો જાળવવા માટે કાયદાકીય બાબતોનું પાલન અને કલ્યાણકારી પગલાંઓ સુનિશ્ચિત કરવામાં આવે છે. કંપની સુમેળભર્યા ઔધોગિક સંબંધો જાળવી રાખે  છે.

## પ્રમાણપત્રો અને પુરસ્કારો

મને જણાવતાં આનંદ થાય છે કે આપની કંપનીને વર્ષ દરમિયાન, સેફ્ટી એવોર્ડસ-૨૦૧૫નો ગૌરવવંતો પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે ત્રણ આકારણી વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ દરમિયાનના સમયગાળામાં વ્યવસાયિક સ્વાસ્થ્ય અને સુરક્ષા પધ્ધતિમાં નોંધનીય સફળતા પ્રાપ્ત કરવા બદલ નેશનલ સેફ્ટી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા તરફથી કંપનીએ પ્રમાણપત્ર મેળવેલ છે.

## આભાર વચન

આપની કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી પી.કે.ગેરા ને અને સ્વતંત્ર ડિરેક્ટર તરીકે શ્રી રાજીવ લોચન જૈનને હું આવકારું છું. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી, કંપનીના ભૂતપૂર્વ ચેરમેન શ્રી જી. આર. અલોરિયા, પૂર્વ મેનેજીંગ ડિરેક્ટર શ્રી એ.એમ.તિવારી તેમજ પૂર્વ ડિરેક્ટર શ્રી અરવિંદ અગ્રવાલનો હું આભાર માનું છું. જેઓના બહોળા અનુભવોનો કંપનીને તેના વિકાસ અને વૃદ્ધિમાં લાભ મળ્યો છે.

બોર્ડ પરના મારા અન્ય સાથીઓએ કંપનીના સંચાલનમાં આપેલ કિંમતી માર્ગદર્શન અને યોગદાન બદલ હું તેમના પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

અમારામાં મૂકેલા વિશ્વાસ બદલ કંપનીના તમામ શેરહોલ્ડર્સનો પણ હું આભાર માનું છું. આપની કંપનીના કર્મચારીઓએ તેમની વચનબદ્ધતા અને સમર્પણની ભાવના થકી આપેલ બહુમૂલ્ય યોગદાન માટે હું તેમનો આભાર માનું છું.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી અને મારા વતી કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર, ખાસ કરીને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણા વિભાગ, કંપનીના પ્રમોટર્સ, બેન્કર્સ, ઓડિટર્સ, ગ્રાહકો, એજન્ટસ્, ડીલર્સ, સપ્લાયર્સ અને અન્ય હિતધારકો તરફથી કંપનીને સતત મળેલા મૂલ્યવાન સાથ સહકાર માટે તેઓ પ્રતિ હું આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

# જયહિન્દ

GACL®
Promoting Green Technology

ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ
(આઈએસ-આઈએસઓ પ્રમાણિત કંપની) (ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત)

રજીસ્ટર્ડ ઓફિસ : પી. ઓ. પેટ્રોકેમિકલ્સ–૩૯૧૩૪૬, જિલ્લો: વડોદરા. ફોનઃ +૯૧-૨૬૫-૨૨૩૨૬૮૧-૮૨

**E-mail:** cosec@gacl.co.in | **Website:** www.gacl.com **CIN:** L24110GJ1973PLC002247